चुनाव का पर्व
DESH KA GARV
LOK SABHA ELECTION 2024

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. - ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax No :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :- www.suratdeo.org

જા.નં./મા-૧/પરીક્ષા/૨૦૨૪/૮૦૩૫ તા.૧૪-૦૬-૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,

સુરત, જિ.સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : મઉમશબ/મા.શા./બેઝિક ગણિત/૧૭૬ તા.૧૨-૦૬-૨૦૨૪ના પત્રની જાણ તથા અમલવારી કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત.

ક્રમાંક:મઉમશબ/મા.શા./ બેઝિક ગણિત /૧૭૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સચિવાલય પાસે, સેકટર-૧૦-બી, ગાંધીનગર
તા.૧૨/૦૬/૨૦૨૪

**<u>પરિપત્ર :-</u>**

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,
ગુજરાત રાજ્ય તમામ.

વિષય-ધોરણ-10 બેઝિક ગણિતના વિધાર્થીઓને ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ બાબત.

સંદર્ભ- (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/૧૧૧૯/૮૫૭/છ, તા.૧૪/૦૭/૨૦૨૧
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/૧૧૧૯/૮૫૭/છ, તા.૦૨/૧૨/૨૦૨૧
(3) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/૧૧૧૯/૮૫૭/છ, તા.૧૨/૦૬/૨૦૨૪
(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૦૮૩-૨૧૧૬, તા.૧૧/૦૮/૨૦૨૦
(૫) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૨૨૮-૬૨, તા.૨૧/૦૮/૨૦૨૦
(૬) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૦૨૪/૧૫૬૩-૯૭, તા.૦૯/૦૫/૨૦૨૪

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે સંદર્ભદર્શિત ઠરાવ ક્રમ-(૧) અને (૨)ની જોગવાઈ અનુસાર ધોરણ-10 બેઝિક ગણિત સાથે ઉત્તીર્ણ વિધાર્થીએ ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહના ગ્રૂપ-A અથવા ગ્રૂપ-AB માં પ્રવેશ મેળવવા માટે ધોરણ-10 સ્ટાન્ડર્ડ ગણિતની પૂરક પરીક્ષા પાસ કરવાની જોગવાઇના બદલે સંદર્ભદર્શિત ઠરાવ ક્રમાંક-(૩) થી ધોરણ-10ની જાહેર પરીક્ષાઓમાં ગણિત વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિત અને બેઝિક ગણિત એમ બે પ્રકારના વિકલ્પ આપવાની શરત નં.(૫), (૬) અને (૭)માં હાલની જોગવાઈના બદલે સુધારો કરવામાં આવેલ છે. સંદર્ભદર્શિત પત્ર ક્રમાંક-(૪) થી (૬)ની સૂચનાઓથી શાળાઓને ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ માટે સૂચનાઓ આપવામાં આવેલ છે; તે રદ ગણવાની રહેશે.

ઉક્ત ઠરાવની જોગવાઇઓને ધ્યાને લઇને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓએ ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ માટે નીચે મુજબની કાર્યવાહી અનુસરવાની રહેશે.

1) માર્ચ-2024 ની પરીક્ષામાં ધોરણ-10 બેઝિક ગણિત સાથે ઉત્તીર્ણ ઉમેદવારોને વિજ્ઞાન પ્રવાહના ધોરણ-11 ગ્રૂપ-A અથવા ગ્રૂપ-B અથવા ગ્રૂપ-ABમાં પ્રવેશ માટેનો લાભ ચાલુ શૈક્ષણિકસત્ર 2024-25 થી અમલી ગણાશે.
2) ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓએ ધોરણ-10 બેઝિક ગણિત સાથે ઉત્તીર્ણ ઉમેદવારો ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહના ગ્રૂપ-A અથવા ગ્રૂપ-AB માટે પ્રવેશ મેળવે તો તેઓની ક્ષમતા (Ability) અને યોગ્યતા (Aptitude) નક્કી કરવાના નીચે મુજબના નિયમો અનુસરવાના રહેશે.

a. ઉમેદવારે ધોરણ-10 બેઝિક ગણિતમાં કૃપા ગુણ સિવાય 33% થી વધુ ગુણ મેળવેલા હોવા જોઇએ.

b. શાળાએ ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવનાર ઉમેદવારની ક્ષમતા ચકાસવા માટે ધોરણ-10ના સ્ટાન્ડર્ડ ગણિત ના પ્રશ્નપત્ર પરિરૂપમાં સામેલ એકમોનો સમાવેશ કરી ઉમેદવારની 30 ગુણની કસોટી શાળા કક્ષાએ લેવાની રહેશે. જે કસોટીમાં 15 ગુણ બહુવિકલ્પિય પ્રશ્નો અને 15 ગુણના વર્ણનાત્મક પ્રશ્નોનો સમાવેશ કરી પ્રશ્નપત્ર શાળા કક્ષાએ તૈયાર કરવાનું રહેશે. સદર ટેસ્ટમાં 33% ગુણ મેળવનાર ઉમેદવાર ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહના ગ્રૂપ-A અથવા ગ્રૂપ-AB માટે યોગ્ય ગણાશે.

c. ઉક્ત ઉમેદવારના ધોરણ-6 થી ધોરણ-10ના પરિણામના આધારે વિદ્યાર્થીની ગણિત વિષયની ક્ષમતાને જાણીને ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહના ગ્રૂપ-A અથવા ગ્રૂપ-AB માટે ઉમેદવારની રૂબરૂ મુલાકાત કરીને તેની ગણિત વિષયની રસ, રુચિ અને વલણની જાણકારી મેળવી તેઓની ક્ષમતા અને યોગ્યતા મુજબ પ્રવેશ આપવો.

d. શાળા કક્ષાએ ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહના અભ્યાસ દરમ્યાન ઉમેદવારનું ગણિત વિષય સંબંધિત મૂલ્યાંકન સમયાંતરે કરવાનું રહેશે.

e. ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં ગ્રૂપ-A અથવા ગ્રૂપ-ABમાં પ્રવેશ માટેના ઉક્ત નિયમો શાળાએ ઉમેદવાર અને તેના વાલીને જણાવવાના રહેશે અને તે નિયમો તેઓને બંધનકર્તા રહેશે.

3) માર્ચ-2024ની પહેલાંના વર્ષોમાં લેવાયેલ પરીક્ષામાં ધોરણ-10 બેઝિક ગણિત સાથે ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોએ વિજ્ઞાન પ્રવાહના ધોરણ-11 અથવા ધોરણ-12માં ગ્રૂપ-A અથવા ગ્રૂપ-ABમાં પ્રવેશ મેળવીને અભ્યાસ શરૂ હોય કે ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ ગ્રૂપ-A અથવા ગ્રૂપ-AB સાથે ઉત્તીર્ણ થયેલ હોય તેવા ઉમેદવારોએ ધોરણ-10 સ્ટાન્ડર્ડ ગણિતની પરીક્ષા ઉત્તીર્ણ કરવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

**નોંધ:- માર્ચ-2024ની ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના ગ્રૂપ-A અથવા ગ્રૂપ-AB સાથે શાળામાં અભ્યાસ પૂર્ણ કરેલ છે પરંતુ સંદર્ભદર્શિત ઠરાવ ક્રમ-(૧) અને (૨)ની જોગવાઈ મુજબ ધોરણ-10 સ્ટાન્ડર્ડ ગણિતની પરીક્ષા પાસ કરેલ ન હતી, જેથી ઠરાવની જોગવાઈનો ભંગ થવાના કારણે બોર્ડ દ્વારા ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની માર્ચ-2024ની પરીક્ષામાં બેસવા દેવામાં આવેલ નથી તેવા ઉમેદવારો ઇચ્છે તો જૂન/જુલાઈ-2024માં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની યોજાનાર પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. આવા ઉમેદવારોએ તા.૨૦/૦૬/૨૦૨૪ સુધીમાં વિજ્ઞાન પ્રવાહ (ક-શાખા), ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦-બી, સચિવાલય પાસે, ગાંધીનગર ખાતે આવેદન નિયત દસ્તાવેજો સાથે રજૂ કરવાનું રહેશે.**

(ડી. એસ. પટેલ)
નાયબ અધ્યક્ષ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**બીડાણ:** સંદર્ભદર્શિત ઠરાવ નં.3 ની નકલ

<u>**નકલ રવાના :-**</u>

1) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ તરફ તાબા હેઠળની તમામ શાળાઓને જાણ અને અમલવારી સારુ.
2) તમામ શાખાઓ, સદર કચેરીના વડાશ્રીઓ તરફ જરૂરી આનુષાંગિક કાર્યવાહી કરવા સારુ.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-૧૦ માં ગણિત વિષયમાં બે પ્રકારના પ્રશ્નપત્રોના વિકલ્પ આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક : મશબ/૧૧૧૯/૮૫૭/છ.
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૨/૦૬/૨૦૨૪

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૪/૦૭/૨૦૨૧ નો સમાનાંકી ઠરાવ

(૨) શિક્ષણ વિભાગનો તા.૦૨/૧૨/૨૦૨૧ નો સમાનાંકી ઠરાવ

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા.૧૧/૦૬/૨૦૨૪ ની સિંગલ ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી.

**<u>સુધારા ઠરાવ :-</u>**

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક (૧) સામેના તા.૧૪/૦૭/૨૦૨૧ ના ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ થી ધોરણ ૧૦ ની જાહેર પરીક્ષામાં ગણિત વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિત અને બેઝિક ગણિત એમ બે પ્રકારના વિકલ્પ આપવાનું શરતોને આધિન ઠરાવેલ છે. ત્યારબાદ શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના તા. ૦૨/૧૨/૨૦૨૧ના ઠરાવથી વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના ઠરાવની શરત નં. (૬) અને (૭) માં સુધારો કરવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામેની તા.૧૧/૦૬/૨૦૨૪ ની સિંગલ ફાઇલ પર મળેલ મંજુરી પરત્વે ઉકત ઠરાવમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે, ધોરણ-૧૦ ની જાહેર પરીક્ષઓમાં ગણિત વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિત અને બેઝિક ગણિત એમ બે પ્રકારના વિકલ્પ આપવાની શરત નં.(૫), (૬) અને (૭) માં હાલની કરવામાં આવેલ જોગવાઇના બદલે નીચે મુજબની સુધારેલ જોગવાઇ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|
| (૫) જે વિધાર્થી ધોરણ-10 માં સ્ટાન્ડર્ડ ગણિત રાખશે તે ધોરણ-11 માં વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહમાં પ્રવેશ મેળવી શકશે. | (૫) જે વિધાર્થી ધોરણ-10 માં ગણિત/સ્ટાન્ડર્ડ ગણિત/ બેઝિક ગણિત વિષય સાથે ઉત્તીર્ણ થશે તે ધોરણ-11 માં વિજ્ઞાન પ્રવાહ ગૃપ-A અથવા ગૃપ-B અથવા ગૃપ-AB માં પ્રવેશ મેળવી શકશે.<br>અથવા<br>ધોરણ-11 સામાન્ય પ્રવાહમાં પ્રવેશ મેળવી શકશે. |
| (૬) જે વિધાર્થી ધોરણ-10 માં બેઝિક ગણિત રાખશે તે ધોરણ-11 માં વિજ્ઞાન પ્રવાહમાં "B" | જોગવાઇ રદ કરવામાં આવે છે. |

| | |
|---|---|
| ગૃપમાં પ્રવેશ મેળવી શકશે. પરંતુ "A" અથવા "AB" ગૃપમાં પ્રવેશ મેળવી શકશે નહિ. | |
| (૭) ધોરણ-10 માં બેઝિક ગણિતમાં પાસ થનાર વિધાર્થી જો ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં "A" અથવા "AB" ગૃપમાં પ્રવેશ મેળવવા માંગતો હોય તો જુલાઈ માસની પૂરક પરીક્ષા દરમિયાન સ્ટાન્ડર્ડ ગણિતની પરીક્ષા પાસ કરી ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં "A" અથવા "AB" ગૃપમાં પ્રવેશ મેળવી શકશે. | જોગવાઈ રદ કરવામાં આવે છે. |

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓએ ધોરણ ૧૦ બેઝિક ગણિત સાથે ઉત્તિર્ણ ઉમેદવારો ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહના ગૃપ A માટે તેઓની ક્ષમતા અને યોગ્યતા ચકાસીને પ્રવેશ આપવાનો રહેશે જે માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ અંગેના અનુષાંગિક નિયમો બનાવવાના રહેશે.

આ ઠરાવ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સિંગલ ફાઈલ પર સરકારશ્રીની તા. ૧૧/૦૬/૨૦૨૪ થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Chaudhri

( એ જી ચૌધરી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના :-</u>

- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિધા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧/ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ)
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.